# સાબરકાંઠા બેંકની ચૂંટણીનું પરિણામ જાહેર

## ડેરીના ચેરમેન જીત્યા, ખેતી બેંકના પૂર્વ ચેરમેન બીજી વખત હાર્યા : પરિણામોની અસરો ચેરમેનની ચૂંટણીમાં પડવાની ચર્ચા

હિંમતનગર, તા. ૧૫ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેડૂતો માટે ખુબજ મહત્વની ગણાતી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નિયામક મંડળની ૧૩ બેઠકો બિનહરીફ થયા બાદ બાકી રહેલી પાંચ બેઠકોની તાજેતરમાં યોજાયેલા મતદાન બાદ તેની રવિવારે મતગણતરી કરાતા તેમાં સાબરડેરીના ચેરમેન ઈડર બેઠકમાં જીતી ગયા છે ત્યારે બાયડ વિભાગમાં બેંકની ચૂંટણી લડી રહેલા રાજ્ય ખેતી બેંકના પૂર્વ ચેરમેનની બીજી વખત કારમી હાર થતા ખાસ કરીને અરવલ્લી જિલ્લામાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા જેના કારણે ભવિષ્યમાં યોજાનારી સહકારી સંસ્થાઓની ચૂંટણીમાં નવા સમીકરણો રચાય તો નવાઈ નહી.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા બેંકની ઉત્તર દૂધ, દક્ષિણ દૂધ અને સેવા વિભાગની બાયડ, ઈડર અને વિજયનગર એમ પાંચ બેઠકોની તાજેતરમાં ૯૯.૭ ટકા મતદાન થયા બાદ રાજકીય પંડીતોએ આ પરિણામો ચોંકાવનારા આવશે તેવુ અનુમાન કર્યુ હતુ જે ખરેખર રવિવારે પરિણામ જાહેર થયા બાદ દેખાયુ પણ હતુ.

બેંકની પાંચ બેઠકોની મતગણતરી રવિવારે પ્રાંતિજ રેલવે સ્ટેશન રોડ પર આવેલ પ્રાંત કચેરીમાં કરાઈ હતી તેમાં દોઢ કલાક બાદ ચૂંટણીનું પ્રથમ પરિણામ જાહેર થતાં તેમાં ઉત્તર દૂધ વિભાગમાંથી ચૂંટણી લડી રહેલા ફેડરેશનના પૂર્વ ચેરમેન તથા સાબરડેરીના કાર્યકારી ચેરમેન જેઠાભાઈ પટેલને તેમના વિભાગમાં ૨૧૯ મત મળતા ચૂંટણી અધિકારીએ તેમને વિજયી જાહેર કર્યા હતા.

તો સામે પક્ષે બાયડ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા રાજકીય ખેતી બેંકના પૂર્વ ચેરમેન કનુભાઈ પટેલને ૨૦ જ્યારે તેમના પ્રતિસ્પર્ધિ ધીરૂભાઈ પટેલને ૨૧ મત મળતા તેમનો એક મતે વિજય થયો હતો.

### સરકારી મતદારોની વિચારસરણી વિચિત્ર

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દૂધના ભાવફેર પ્રશ્ને દૂધ ઉત્પાદકોમાં ભારે રોષ વ્યાપ્યો હતો અને આંદોલન થતા ડેરીની કસ્ટોડીયન કમિટીએ ત્રણ ટકાને બદલે સાડા છ ટકા ભાવ ફેર આપવાની જાહેરાત કરાયા બાદ એ સમજાતુ નથી કે જે નેતાઓ દૂધ ઉત્પાદકોની અપેક્ષા મુજબ ભાવફેર આપી શકતા નથી ત્યારે મુઠ્ઠીભર મતદારો તેમને ખોબલે ખોબલે મત આપીને વિજયની વરમાળા પહેરાવે છે તે પાછળનું કારણ મતદારોને ખરીદી લેવાની માનસિકતા જગજાહેર છે ત્યારે આગામી સમયમાં યોજાનાર ડેરીની ચૂંટણી ખુબજ રસપ્રદ બની રહેશે તેમ રાજકીય પંડીતો માની રહ્યા છે.



### કઈ બેઠક પર વિજેતા ઉમેદવારને કેટલા મતે વિજયી થયા

| | |
|---|---|
| પટેલ જેઠાભાઈ પ્રભુદાસ<br>પ્રાથમિક દૂ.ઉ.મં.લી. (ઉત્તર વિભાગ) | ૨૧૯ |
| પટેલ ધીરજભાઈ પરસોત્તમભાઈ<br>ખે.વિ.સ.શ. અને વિ.કા.સ.મં. બાયડ તાલુકો | ૨૧ |
| પટેલ ગોપાલભાઈ મોહનભાઈ<br>પ્રાથમિક દૂ.ઉ.મં.લી. (દક્ષિણ વિભાગ) | ૨૧૯ |
| પટેલ જ્યોતિન્દ્રભાઈ રણછોડભાઈ<br>ખે.વિ.સ.શ. અને વિ.કા.સ.મં. ઈડર તાલુકો | ૩૦ |
| પટેલ પંકજકુમાર રામજીભાઈ<br>ખે.વિ.સં.શ. અને વિ.કા.સ.મં. વિજયનગર તાલુકો | ૧૫ |

પરીણામો જાહેર થયા બાદ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પીઢ સહકારી અગ્રણીઓ ગણાતા કેટલાક નેતાઓ હવે લોકોનો વિશ્વાસ ગુમાવી રહ્યા હોય તેવી ચર્ચાઓ પ્રાતંજ ખાતે મત ગણતરી બાદ થઈ હોવાનો આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે. અગાઉ પણ કનુભાઈ પટેલ પૂર્વ ગૃહ રાજ્યમંત્રી સામે હારી ગયા હતા. ત્યારબાદ બાયડ તાલુકામાં સહકારી ક્ષેત્રે મતદારોએ કરવટ બદલીને નવી વિચારસરણી ઉભી કરી હોવાની આ પરિણામો પરથી પ્રતિતી થઈ રહી છે.

# હિંમતનગર, પોશીના અને ખેડબ્રહ્મામાં શ્રીકાર વર્ષા

## હિંમતનગરમાં સાડા ત્રણ, પોશીનામાં બે અને ઈડરમાં દોઢ ઈંચ વરસાદ : ત્રણેય તાલુકામાં ખેડૂતો વાવણીના શ્રીગણેશ કરશે

હિંમતનગર, તા. ૧૫ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હિંમતનગર, પોશીના અને ખેડબ્રહ્મા તાલુકામાં સરેરાશ દોઢથી સાડા ત્રણ ઈંચ વરસાદ થવાને કારણે ખાસ કરીને ખેડૂતો ઝૂમી ઉઠ્યા હતા અને વાવણીલાયક વરસાદ થવાને કારણે આ ત્રણેય તાલુકાઓમાં ખેડૂતોએ ચોમાસુ પાકની વાવણીનું આયોજન કરી દીધુ છે જો કે બાકીના તાલુકાઓમાં ઓછો વરસાદ પડ્યો હતો.






આ અંગે ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં શનિવારે રાતથી રવિવારે બપોરે ચાર વાગ્યા સુધીમાં ખેડબ્રહ્મા, પોશીના અને હિંમતનગર તાલુકાઓમાં વાવણીલાયક વરસાદ થવાને કારણે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. સારા વરસાદને કારણે ખેડૂતોએ મકાઈ, મગફળી, મગ તથા અન્ય કઠોળ પાકોનું વાવેતર કરવા માટે બજારમાંથી બિયારણ અને ખાતરની ખરીદી શરૂ કરી દીધી છે.

૨૪ કલાક દરમિયાન પડેલા વરસાદને કારણે આગોતર વાવેતર કરેલ મગફળી અને કપાસના પાકને સારો એવો ફાયદો થયો છે. જો કે જિલ્લામાં ગ્રીનબેલ્ટ તરીકે ઓળખાતા પ્રાંતિજ તાલુકામાં આ વર્ષે અન્ય તાલુકાઓ કરતા ઓછો વરસાદ પડ્યો છે જેના માટે પ્રાંતિજ અને તલોદ તાલુકામાં દર વર્ષે આડેધડ થતી વૃક્ષ છેદનની પ્રવૃત્તિ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

તો બીજી તરફ હવામાન વિભાગે સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં પાંચ દિવસ ભારે વરસાદની આગાહી હાલ તો જિલ્લાની પ્રજા માટે ફક્ત આશાનું કિરણ હોય તેમ રવિવારે દિવસ દરમિયાન સૂર્યનારાયણના દર્શન ન થવાના કારણે વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યુ હતુ.



## પ્રાંતિજમાં ભારે ઉકળાટ બાદ વરસાદનુ આગમન

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે દિવસ દરમ્યાન ભારે ઉકળાટ અને ગરમી બાદ સાંજના ૫.૩૦ કલાકે મેઘરાજાનુ આગમન થતાં નગરજનો તથા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. છેલ્લાં કેટલાય સમયથી ગુજરાતમાં ચોમાસુ શક્રિય થયું છે પણ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદમાં ચોમાસાની નહિવત અસર જોવા મળી છે. પ્રાંતિજ ખાતે આજે ભારે ઉકળાટ ગરમી બાદ ધીમી ધારે શરૂ થયેલ વરસાદ જોતજોતામાં ગતિ પકડી લેતાં બજાર સહિત વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયું હતું. નગરજનોએ લાંબા સમય બાદ મેઘરાજાની પધરામણી થતાં આનંદ વ્યક્ત કર્યો હતો. જેની આતુરતાથી રાહ જોતાં હતાં તે ધરતી પુત્રોમાં ખુશીની લહેર જોવા મળી હતી. એક કલાકમાં ૧૯ એમ.એમ અડધો ઈંચ કરતાં પણ વધારે વરસાદ ખાબક્યો હતો.

# મોહદીસે આઝમ મિશન દ્વારા મખદુ:મ હોલમાં તેજસ્વી વિદ્યાર્થી ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૫ મોડાસા વિસ્તારના મુસ્લિમ વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે એ આશયથી ૧૧૫૦ જેટલા વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર મુસ્લિમ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં આ વર્ષે હાફિઝ અલિમ થનારને પણ શાલ ઓઢાધી સન્માન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમની શરૂઆત તિલાવત એ કુરાનથી કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન ઈકબાલ બકરોલીયાએ કર્યુ હતું કાર્યક્રમમાં હુસૈનભાઈ ખાલક, સલાહુદિનભાઈ, બાબાભાઈ ઈપરોલીયા, મોડાસીયા, ઈકબાલ ઈપરોલીયા અને તરીક બાંડીએ પ્રવચન કર્યા હતા.

મિશનના કાર્યકરો ખાલિદ જેરાવાલા ગુલામનબી બાંડી બારીવાળા, ઝાકીર અને શકીલ શૈખ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હનીફ દાદુ અને આરીફ ઝાંઝને કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મિશનના પ્રમુખ સૈયદ સાહબ સેક્રેટરી ગુલામ બાંડી, આરીફ સિધવા સારીમ ઉપાદ અશરફ સિધવા ઝાહીદ બાંડી વગેરેએ ખૂબ ઝેહમત ઉઠાવી હતી.

# અરવલ્લી જિલ્લામાં ઘનઘોર વાદળો વચ્ચે ધીમી ધારનો વરસાદ

મોડાસા, તા. ૧૫ અરવલ્લી જીલ્લામાં બે દિવસથી રાત્રીના સુમારે વરસાદી ઝાપટા પડવાથી અને ઝરમર ઝરમર વરસાદ યથાવત રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જીલ્લાના આકાશે છેલ્લા કેટલાક દિવસોથી મેઘા મન મુકી મલ્હારવાના એંધાણ થતા હોય તેમ વાદળોની ઘેરાબંધી વચ્ચે વરસાદી ઝાપટા અને ઝરમર વરસાદ પડતા ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ રહેતા કાદવ-કીચડનું સામ્રાજ્ય ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી રહ્યું છે. જીલ્લાના ભૂમિપુત્રો મેઘ મહેર થાય તેવી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.





અરવલ્લી જીલ્લામાં ઝરમર વરસાદ અને ઝાપટારૂપી સાર્વત્રિક વરસાદથી હાજરી જોવા મળી રહી છે. મોડાસામાં ૨૪ કલાકમાં ૨૫ મીમી, ભિલોડામાં ૪૬ મીમી, મેઘરજમાં ૧૭ મીમી, માલપુરમાં ૧૦ મીમી, બાયડમાં ૬ મીમી અને ધનસુરામાં ૨ મીમી વરસાદ નોંધાયો હતો. અસહ્ય ઉકળાટ અનુભવતા જીલ્લાવાસીઓ રાત્રીએ પડેલા વરસાદથી ઠંડકની લાગણી અનુભવી હતી. બીજી બાજુ અષાઢી બીજ અને રવિવારે આકાશે વાદળો ઘનઘોર છવાતા ધરતીપુત્રો મન મુકી મેઘો વરસે તેની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. વરસાદી ઝાપટા અને ઝરમર વરસાદથી ખેડૂતોના હૈયે ટાઢક વળી હતી. રાત્રીના સુમારે જીલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારે ઝાપટાથી પાણી ભરાતા લોકો ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વાહનચાલકો અને રાહદારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા.




મોડાસાથી માલપુર રોડ પર આવેલા ફોરમ સીટી ફ્લેટના બિલ્ડર દ્વારા ગંદકી અને કચરો નહીં થાય તે માટે ફ્લેટના રહીશો ડસ્ટબીનમાં કચરો નાખે અને ગંદકી નહીં કરે તેની સુંદર સુવિધા આપવા છતાં ફોરમ સીટીના રહીશો દ્વારા ડસ્ટબીનનો ઉપયોગ નથી કરતા અને ડસ્ટબીન પાસે અશ્વમેઘ સોસાયટીના મુખ્ય માર્ગ પર ગંદકી કરતા અશ્વમેઘ સોસાયટીના રહીશોમાં રોષ જોવા મળ્યો હતો. ડસ્ટબીન અશ્વમેઘ સોસાયટીના મુખ્ય દ્વાર પાસેથી દુર કરવાની માંગણી કરવામાં આવી છે તેમજ ફોર્મ સીટીમાંથી ચોમાસા સિવાયનું પાણી બારેમાસ વેડફીને ગંદકી કરવામાં આવે છે તે પણ બંધ કરવાની માંગ ઉભી થઈ છે. જો આ અંગે કોઈ કાર્યવાહી નહીં થાય તો આંદોલન કરવાની રહીશોએ ચીમકી ઉચ્ચારી છે.

# શ્રી હિંગળાજ ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

મોડાસા, તા. ૧૫ મોડાસાનગરમાં આવેલી શ્રી હિંગળાજ ક્રેડિટ કો. ઓપ. અને ગ્રાહક ધિરાણ મંડળીની મોડાસાની વાર્ષિક સાધારણ સભા ઓધારી મંદિર ખાતે ભાવસાર સમાજના પ્રમુખ હર્ષદ ભાવસારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

જેમાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય સભામાં મંડળીના ચેરમેન જગદીશભાઈ ભાવસારે મંડળીનો થઈ રહેલો ઉત્તરોત્તર વિકાસની માહિતીથી સભાસદોને અવગત કરાયા હતા. આમા સભાસદોના સહયોગની અપીલ કરી હતી મંડળીના ડિરેક્ટર ભાવિન ભાવસાર અને પ્રકાશ ભાવસારે મંડળીના વર્ષ દરમ્યાન કરેલ નાણાકીય વહેવાર અને સતત પ્રગતિના પંથે પહોંચેલી મંડળીનો વિસ્તારપુર્વક ચિતાર રજુ કરાયો હતો. મંડળીના મેનેજર હીરાભાઈ પટેલ અને કર્મચારી કમલેશ ભાવસાર અને હેમંત ભાવસારની કામગીરીની સરાહના કરી હતી. ભાવસાર સમાજના યુવા અગ્રણી મેહુલ ભાવસાર અને હિમાંશુ ભાવસારે ખાનગી હોસ્પિટલના સહયોગથી આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિનામૂલ્યે હૃદય રોગ, ડાયાબિટીસ સહીત જનરલ આરોગ્ય તપાસ કેમ્પનો સમાજના લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.



## મોડાસાના દિવ્યાંગ મોન્ટુએ પ્રથમ ક્રમ મેળવી મોડાસાનું ગૌરવ વધાર્યુ

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ હરિદ્વાર દ્વારા લેવાયેલ ઓલ ઈન્ડિયા દિવ્યાંગ વિદ્યાર્થીઓની સંસ્કૃતિજ્ઞાન પરીક્ષામાં મોડાસાનો વિદ્યાર્થી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. મોડાસાની લાયન્સ સોસાયટી સંચાલિત બેરા મૂંગા શાળાના ધોરણ-૯ માં અભ્યાસ કરતા મોન્ટુ નામના દિવ્યાંગે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ હરિદ્વાર તરફથી મોમેન્ટો અને સન્માન પત્ર આપવામાં આવ્યું હતું તદઉપરાંત આ પરીક્ષામાં અવ્વલ રહેલા ૫ બાળકોને ટ્રસ્ટ દ્વારા હરિદ્વારના પ્રવાસે લઈ જવાની સાથે બાળકોને હિન્દુ સંસ્કૃતિ અંગે ઉજાગર કરવામાં આવે છે. સંસ્કૃતિજ્ઞાન પરીક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર મોન્ટુને ગાયત્રી પરિવાર મોડાસાના ધર્માકાકા પટેલ અને મોડાસા નાગરિક બેંકના ચેરમેન કમલેશભાઈ પટેલના હસ્તે સન્માનિત કરતા લાયન્સ સોસાયટીના ચેરમેન ડૉ. ટી.બી. પટેલ અને લાયન્સ ક્લબ મોડાસાના હોદ્દેદારોએ મોન્ટુને અભિનંદન પાઠવ્યા હતા.